## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આપણે ઓગણ પચાસને જ જાનમાં લઈ જવાના... નહીં તો કન્યાને લાવવા માટે એક જાનૈયો ત્યાં મૂકીને આવવો પડશે...!!

# શહેરના માર્ગો પર ખોદકામના અંતે માટી પુરાણના લીધે ભયજનક સ્થિતિ

## આગામી વરસાદી દિવસોમાં માર્ગ વચાળે જ માટી પોલાણ થવાના લીધે જાનલેવા અકસ્માત થવાની દહેશત કોર્પોરેશનના વાંકે આમ નાગરિકો જાનલેવા અકસ્માતનો ભોગ બનશે

ગાંધીનગર તા ૨૬

શહેરમાં કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલી સ્ટોર્મ વોટર તેમજ ગટર લાઈનની કામગીરીના અંતે માર્ગ વચાળે જ ગાબડા જોવા મળી રહ્યા છે જેના લીધે આગામી વરસાદી દિવસોમાં ગમે ત્યારે વાહનચાલકો જાનલેવા અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. શહેરના ડામર માર્ગો વચાળે ખોદકામના અંતે માટી ભરી દેવામાં આવી છે. વરસાદમાં પાણી ભરતા માટી પોલાણ થવાના લીધે મોટા ગાબડા અસ્તિત્વમાં આવશે જેના લીધે વાહનચાલકો અકસ્માતનો ભોગ બનશે આવા સંજોગોમાં વરસાદી ઋતુ પુર્વે સેકટરોના માર્ગો પર ગાબડા દુર કરવા માટે ડામર કામ હાથ ધરાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નહીંતર કોર્પોરેશનના વાંકે નિર્દોષ નાગરિકો અકસ્માતનો ભોગ બનશે

શહેરના સેકટરોમાં અગાઉ ગટર લાઈનની કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા હાથ ધરાયેલી ખોદકામગીરીના અંતે માર્ગો પર મોટામસ ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે આ ગાબડા પુરવા માટે માર્ગ વચાળે માટી પુરી દેવામાં આવી છે. માર્ગો પર ડામર કામ કરવામાં આવ્યુ નથી જેના લીધે આગામી વરસાદી દિવસોમાં વાહનચાલકો માટે અત્યંત જોખમી સ્થિતિનુ નિર્માણ થશે. કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીના અંતે યોગ્ય માર્ગો પર યોગ્ય ડામર કામ ન કરવામાં આવતા વરસાદી દિવસોમાં માટી પોલાણના લીધે અકસ્માતોની હારમાળા સર્જાશે. વરસાદી દિવસો પુર્વે આ મામલે તંત્ર દ્વારા યોગ્ય અભ્યાસ કરીને પુરાણ કરવામાં આવે અલબત્ત માર્ગો વચાળે ડામર કામ કરીને પોલાણ ન થાય તે મુજબની કામગીરી કરવા માટે નાગરિકોએ પ્રબળ માંગ કરી છે. વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે શહેરમાં વરસાદી પાણીના નિકાલ સહીતની પ્રિ મોન્સુન કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે કોર્પોરેશનના વાંકે નગરજનોની માર્ગ સલામતી જોખમાય તેવી સ્થિતિ છે. કોર્પોરેશન કક્ષાએથી હાથ ધરાયેલી સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે પણ યોગ્ય પુરાણ ન થતા સેકટરોમાં માટી પોલાણ થાય છે. જયારે લાઈન નાંખવાની કામગીરી દરમિયાન રસ્તાઓની વચાળે જ ખોદકામ કરી ડામર રસ્તાઓ પર માટી પાથરીને ગાબડા પુરવામાં આવ્યા છે. પરંતુ વરસાદી દિવસોમાં પાણી ભરાતા માટી પોલાણ થતા સમસ્યા પેચીદી બનશે. જયારે આમ નાગરિકો સેકટરોમાં જાનલેવા અકસ્માતનો ભોગ બનશે તેવી દહેશત પણ પ્રબળ બની છે. ત્યારે આગામી વરસાદી દિવસો પુર્વે તંત્રએ યોગ્ય સર્વે હાથ ધરી સેકટરોમાં જયાં પણ માર્ગ વચાળે ખાડા ખોદીને માટી પુરવામાં આવી હતી તે ઠેકાણે માર્ગો પર ડામર કામ કરવુ પણ અનિવાર્ય છે.

### શ્રદ્ધા-આસ્થા નું આવું ફળ..?

# કેનાલમાં ફૂલ પધરાવવા ગયેલી મહિલાનો પગ લપસતા જીવ ગુમાવ્યો

ગાંધીનગર તા. ૨૬

ગાધીનગર સેક્ટર-૨મા પ્લોટ નં. ૧૫૦૭/૨ ખાતે રહેતા અને પંચાયત વિભાગમા નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી કેતન સી. દોશીના ધર્મપત્ની શ્રીમતિ ભાવના કે દોશી અડાલજ ખાતે નર્મદા કેનાલમા ફૂલ પધરાવવા ગયા હતા જ્યાં તેમનો પગ લપસી જવાથી કેનાલમા પડી જતાં તેમનું દુઃખદ અવસાન થવા પામ્યું છે.



બનાવ ની વિગત એવી છે કે કેતનભાઈ અને તેમના પત્ની ભાવનાબેન સેક્ટર ન.૨ ખાતે પ્લોટ ન.૧૫૦૭/૨ ખાતે રહે છે તેઓ ઈષ્ટદેવ તરીકે ભગવાન શ્રીનાથજીને માને છે જેના કારણે ભાવનાબેન ઠાકોરજીની સમયસર સેવા પુજા અર્ચના કરતાં હતા. તા.૨૫મી મે સોમવારના રોજ તેઓ પુજા અર્ચના કરી બપોરે જમીને બેઠા હતા ત્યારે તેમને મનમાં વિચાર આવ્યો કે ઠાકોરજીની રોજે રોજ પુજા કરતા હોવાથી ઠાકોરજીને ચડાવેલ રોજેરોજના ફૂલો તેમજ અન્ય સામગ્રી ઘણા સમયની ભેગી થઈ છે જેને હવે નર્મદા કેનાલમા જઈને પધરાવી દેવી જોઈએ. આ વિચારે પતિ-પત્ની બન્ને બપોરે ૧૨.૩૦ કલાકે અડાલજ ખાતે પસાર થતી નર્મદા કેનાલ પર ગયા હતા અને કેનાલની બાજુમાં કેતનભાઈએ ગાડી ઊભી રાખીને તેમના પત્નીને કહ્યું કે ×તમે ફૂલ પધરાવીને આવી જાવ × તેથી ભાવનાબેને ગાડીમાંથી ઉતરીને કેનાલની રેલિંગની પાઈપોની લાઈન પુરી થાય છે ત્યાં ઉભા રહી થેલીમાથી ફૂલ કાઢી એક વખત પધરાવ્યા હતા જે કેતનભાઈએ જોયું અને ત્યાર બાદ કેતનભાઈ પણ તેમણે મદદરૂપ થવા ગાડીનો સીટબેલ્ટ કાઢીને બહાર નીકળ્યા હતા એટલામાં જ તેમના પતિ દેખાતા જ બંધ થઈ ગયા તેથી તેઓ તુરતજ દોડીને કેનાલ પાસે ગયા હતા જ્યાં તેમની નજાર સામે તેમના પતિ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આથી તેમણે બૂમાબૂમ કરી હાઈવે પર જતી ગાડીઓ ઊભી રખાવી અને મદદ માટે વિનંતિ કરી હતી પરંતુ અફસોસ અંતે ભાવનાબેનનો મૃતદેહ જ મળ્યો હતો. આને વિધી ની વક્રતા કહેવાય કે પ્રભુની માયા જેમાં ભાવનાબેન શ્રીનાથજીની સેવા કરતા કરતાં સ્વર્ગમાં સીધાવી ગયા.

# લોકડાઉનમાં હવે પોસ્ટકચેરીઓ પણ સેવા આપશે : ડાક અધિક્ષક

### ગાંધીનગરમાં ૫૭ દિવસના લોકડાઉન બાદ ટપાલ સહીત અન્ય પોસ્ટકચેરીને લગતી સેવા શરૂ કરાશે : શહેર વસાહત મહામંડળે આ અંગે રજુઆત કરી હતી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં લોકડાઉના ૫૭ દિવસ બાદ પોસ્ટ કચેરીને સંબંધિત વિવિધ સેવાઓ શરૂ કરવા માટે શહેર વસાહત મહામંડળે રજુઆત કરી હતી જેને અનુલક્ષીને ડાક અધિક્ષકે પણ રેડ ઝોનમાં ન હોય તેવા વિસ્તારમાં ટપાલ કચેરીઓ સ્થિત હોય તેવા વિસ્તારમાં ટપાલ સહીતની સેવાઓ કાર્યરત કરવાનો નિર્ણય લીધો છે.

શહેરમાં લોકડઉનમાં થોડી છુટછાટના અંતે વેપાર ધંધાઓ શરૂ કરવામાં આવ્યા છે છેલ્લા બે મહીનાથી કેદ થયેલા નગરજનોને થોડી છુટછાટ અપાતા હવે નાગરિકો સવારના સમયે પોતાના જરૂરી કામકાજો નિપટાવે છે. જયારે સરકારી કચેરીઓ સહીતની અન્ય સેવાઓ પણ ધીમે ધીમે કાર્યરત થતા અટવાયેલા કામો પુરા કરવા માટે નાગરિકો સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે પોતાનુ કામ નિપટાવી રહ્યા છે. શહેરમાં હવે પોસ્ટ કચેરીઓ પણ જરૂરી સેવા આપશે શહેર વસાહત મહામંડળ દ્વારા આ અંગે રજુઆત કરવામાં આવી હતી. આ અંગે મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ડાક અધિક્ષક કે બી સિસોદીયાને રજુઆતમાં મહામંડળના પ્રતિનિધિઓએ રેડઝોન સિવાય જયાં ટપાલ કચેરી આવેલી છે તે કાર્યરત કરવી જોઈએ. જેના અંતે રેડઝોન સિવાયના વિસ્તારમાં ટપાલ કચેરી કાર્યરત કરાશે. જયારે ગ્રાહકોને રોકડની જરૂર હશે તેવા કિસ્સામાં ગ્રાહક અગાઉથી જાણ કરશે તો પોષ્ટમેનના માધ્યમથી તેને ઘરે રોકડ પહોંચાડવામાં આવશે આ ઉપરાંત સ્પીડ પાસ્ટ સાદી ટપાલ, પાર્સલ સહીતની સેવાનુ પણ કલીયરન્સ કરવા માટે સુચવાયુ હતુ જેનો પણ સ્વીકાર કરવામા આવ્યો છે. જયારે આ સેવા સરકારે નિયત કરેલા સમય મુજબ કાર્યરત રહેશે તેમ પણ જણાંવાયુ છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મયુર વ્યાસ , કીશોર જીકાદરા ,પ્રદિપ સોલંકી, શશીકાંત મોઢા, ભાનુભાઈ દવે અને કશ્યપ મહેતાએ પણ આ અંગે પોસ્ટ વિભાગને ગ્રાહકલક્ષી જરૂરી રજુઆતો કરી હતી.

# જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા સર્જક રઘુવીર ચૌધરીના ધર્મપત્ની પારુબેનનો દેહવિલય

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતી ભાષા સાહિત્યના દિગ્ગજ સાહિત્યકાર રઘુવીર ચૌધરીનાં ધર્મપત્ની પારુબેનનું કોરાના સંક્રમણને કારણે ટૂંકી માંદગી બાદ અવસાન થવા પામ્યું છે. ગ્રામીણ પરિવેશ અને અસલ ચૌધરીઓની બોલીમાં બધાની સાથે હેતાળ સ્વભાવને કારણે ઓતપ્રોત થઈ જનારાં પારુબેન ઉચ્ચ કોટિના સર્જકો અને સાંસ્કૃતિકર્મીઓમાં વાત્સલ્યપૂર્ણ વ્યવહારને કારણે અત્યંત લોકપ્રિય બની રહ્યાં હતાં. અનેક સાહિત્યક સંમેલનો અને મોરારિબાપુ પ્રેરિત કાર્યક્રમો ઉપરાંત એમની રામકથાનાં શ્રોતા તરીકે તેઓ હરહંમેશ રઘુવીરભાઈનો પડછાયો બનીને સાથે રહેતાં હતાં. અલ્પ અક્ષરજ્ઞાન છતાં તેઓ આપબળે રઘુવીરભાઈના સાહિત્યનાં પ્રથમ વાચક અને પ્રેરણામૂર્તિ બની રહ્યાં હતાં. પાડોશમાં રહેતા લબ્ધપ્રતિષ્ઠ કવિ ચંદ્રકાંત શેઠનાં પત્નીને કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું જાણી તેમની ખબર કાઢવા ગયેલાં પારુબેન પણ સંક્રમણનો ભોગ બન્યાં હતાં અને આખરે એ એમના કરુણ અવસાનમાં પરિણમ્યું હતું. એપોલો હોસ્પિટલમાં આખરી શ્વાસ લેનાર પારુબેનની વિદાયથી વરિષ્ઠ સર્જક જૈફ વયે એકલા પડી ગયા છે.



પારુબેન એમની પાછળ સુપુત્ર ટેકનોક્રેટ સંજય ચૌધરી, પત્રકાર-લેખિકા સુપુત્રી દૃષ્ટિ ભરત પટેલ, કીર્તિબહેન અને સુરતાબહેન જેવાં સંસ્કારી સંતાનોને વિલાપ કરતાં છોડી ગયાં છે.

ગાંધીનગર સ્થિત વરિષ્ઠ સર્જક ડૉ. કેશુભાઈ દેસાઈ, કવિ હરિકૃષ્ણ પાઠક, હર્ષદ ત્રિવેદી, ભાગ્યેશ જહા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરીએ સદ્‌ગતને ભાવભીની અંજલિ આપી હતી.

# વીજ બિલ-ઘરવેરો તેમજ સ્કૂલોની ફી'માં સરકાર રાહત આપે

ગાંધીનગર, તા. ૨૬

કોવિડ-૧૯ મહામારીને કારણે ગુજરાતમાં પરિસ્થિતિ વિકટ છે. લાંબા લોકડાઉનને કારણે ધંધા-વેપાર-રોજગાર-ખેતી ઠપ્પ છે. લોકોની આર્થિક સ્થિતિ ખુબજ નબળી થઈ ગઈ છે. સરકાર તરફ થી કોઈજ જરૂરી સહાય મળી નથી રહી, એવા સંજોગોમાં પ્રજાની લાગણી અને માંગણીને વાચા આપવા પ્રદેશ પ્રમુખ આદરણીય અમિત ચાવડાની સૂચના અનુસાર તા.૨૬-૫-૨૦૨૦ને મંગળવારના આજરોજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પ્રદેશ પ્રવકતા ડો.હિમાંશુ પટેલ, વિપક્ષ નેતા શૈલેંદ્રસિંહ બિહોલા, પુર્વ ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર સહિત આગેવાનોએ જિલ્લા કલેકટરને ''માર્ચથી જૂન સુધીના વીજળી બિલ માફ કરવામાં આવે, ગરીબ અને મધ્યમવર્ગના તમામ પરિવારોના રહેઠાણના પાણી વેરો અને મિલકત વેરો માફ કરવામાં આવે તથા નાના વેપારીઓના ધંધા-સ્થળ વેરા માફ કરવામાં આવે તેમજ ખાનગી શાળાની પ્રથમ સત્રની ફી માફ કરો અથવા સરકાર ફી રકમની સહાય આપે તેવી ત્રણ માંગણી સાથેનુ આવેદન પત્ર આપીને સરકાર સમક્ષ માંગણી કરી હતી. સાથે સાથે દરેક તાલુકા મથકે મામલતદારને પણ તાલુકા-શહેર પ્રમુખોએ ઉપરોક્ત માંગણીઓને લઈ આવેદનપત્ર આપ્યા હતા. તેવુ ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયું છે.



# મનરેગા હેઠળ કામ શોધનારાની સંખ્યા બમણી થઈ

### સ્કીમમાં કામ શોધતા લોકોની સંખ્યા મે ૨૦૧૯માં ૩ લાખ હતી. જે મે ૨૦૨૦માં ડબલ કરતાં વધીને સાત લાખ થઈ

ગાંધીનગર, તા. ૨૬

કોરોનાના કારણે લાગુ કરાયેલા લોકડાઉનથી હવે શહેરોમાંથી ગામડાઓમાં રિવર્સ માઈગ્રેશન શરૂ થયું છે. પરિણામે મહાત્મા ગાંધી નેશનલ એમ્પલોઈમેન્ટ ગેરેન્ટી એક્ટ (મનરેગા) અંતર્ગત કામ શોધતા લોકોમાં અચાનક ઉછાળો આવ્યો છે. ટોચના અધિકારીએ જણાવ્યું કે, આ સરકારી સ્કીમમાં કામ શોધતા લોકોની સંખ્યા મે ૨૦૧૯માં ત્રણ લાખ હતી. જે મે ૨૦૨૦માં ડબલ કરતાં પણ વધીને સાત લાખ થઈ છે. અધિકારીએ જણાવ્યું કે, તેઓ આગામી બે અઠવાડિયામાં મનરેગા હેઠળ કામ શોધતા લોકોની સંખ્યામાં મોટો ઉછાળો આવવાનું અનુમાન લગાવી રહ્યા છે. કોરોનાની મહામારીનો ડર અને લોકડાઉનના કારણે નોકરીની ઓછી તકોથી લાખોની સંખ્યામાં લોકો ગામડાઓમાં પાછા ફરી રહ્યા છે. રાજ્ય ગ્રામ વિકાસ વિભાગના સિનિયર અધિકારીએ જણાવ્યું, અમે મનરેગા અંતર્ગત નોકરી શોધનારાઓની સંખ્યા ૧૦ લાખ સુધી પહોંચશે તેવો અંદાજ લગાવી રહ્યા છીએ. અધિકારીએ જણાવ્યું, ૨૦ મે ૨૦૧૯ સુધી ગ્રામિણ સ્તરે જુદા જુદા મજૂરીકામ સાથે ૩.૬૫ લાખ શ્રમિકો જોડાયા હતાં. હવે આ આંકડો અચાનક વધતાં ૭.૧૮ લાખ લોકોમાં સુધી પહોંચી ગયો છે. જેમણે મનરેગા પ્રોજેક્ટ હેઠળ કામ લેવા માટે અરજી કરી છે. સરકાર લેટેસ્ટ આંકડા મુજબ આ વર્ષે ૧.૧૪ લાખ શ્રમિકોએ મનરેગા પ્રોજેક્ટ અંતર્ગત ગ્રામિણ વિસ્તારોમાં કામ શરૂ કરી દીધું છે જ્યારે મે ૨૦૧૯માં આ આંકડો ૨૧૭૨૭ હતો.

સીએમઓ સચિવ અશ્વિની કુમારે જણાવ્યું, મુખ્યમંત્રીએ જિલ્લાઓને આદેશ આપ્યો છે કે મનરેગા અંતર્ગત અરજી કરનારા તમામ લોકોને કામ મળવું જોઈએ. અત્યાર સુધી ૩૩ જિલ્લાઓમાં આ સ્કીમ અંતર્ગત ૬૫૯૨ ગ્રામ પંચાયતોમાં કામ શરૂ થઈ ચૂક્યું છે. આદિવાસી પ્રભુત્વ ધરાવતા દાહોદ જિલ્લામાંથી મોટી સંખ્યામાં કન્સ્ટ્રક્શન અને એગ્રીકલ્ચર સેક્ટરમાં મજૂરો આવતા હોય છે. જેમાં પણ હવે સૌથી મોટું રિવર્સ માઈગ્રેશન જોવા મળી રહ્યું છે. આવી જ રીતે ભાવનગરથી હીરા ઘસવા માટે સુરત અને અમદાવાદ આવેલા કારીગરો પાછા વતન ગયા છે અને તેઓ પણ મનરેગા અંતર્ગત કામ કરવા માટે અરજી કરી રહ્યા છે. રાજયના ગ્રામિણ વિકાસ વિભાગના સિનિયર અધિકારીએ કહ્યું, સામાન્ય રીતે મનરેગા અંતર્ગત જોબ કાર્ડના ચોથા ભાગના કાર્ડ ભરાતા હોય છે પરંતુ કોરોનાની મહામારીથી મોટી સંખ્યામાં લોકો ગામડાઓમાં પાછા આવી રહ્યા છે અને કામ શોધી રહ્યા છે.

તેમણે ઉમેર્યું કે, સરકારે આંતર જિલ્લામાં ટ્રાવેલની મંજૂરી આપી હોવાથી શહેરોમાંથી ગામડાઓમાં માઈગ્રેશન વધશે. અમે મનરેગામાં કામ માટે અરજી કરનારા લોકોની સંખ્યા ૧૦ લાખ સુધી પહોંચશે તેવું અનુમાન લગાવી રહ્યા છીએ.

આ સ્કીમ જીઓઆઈ અને રાજ્ય સરકાર દ્વારા ફંડ કરાયેલી છે. અને અત્યાર સુધીમાં ૪૦૦ કરોડના કામકાજ પૂરા થઈ ચૂક્યા છે. ઈકોનોમિકસ્ટ વાય. કે. અલાઘએ કહ્યું કે, કોવિડ-૧૯ની મહામારીના કારણે ગામડાઓમાં પાછા જવા મજબૂર બનેલા લોકો માટે મનરેગા લાઈફલાઈન સાબિત થશે અને સરકારે તેમાં ફંડ વધારવું જોઈએ. જેથી ગરીબ લોકોને પણ કામ મળી રહે અને તેમની થાળીમાં ભોજન આવી શકે.

# અન્ન-જળ ગ્રહણ કર્યા વિના પણ સ્વસ્થ જીવન જીવતા 'ચુંદડીવાળા માતાજી' બ્રહ્મલીન થયા

### 'ચુંદડીવાળા માતાજી' તરીકે જાણીતા ચરાડાના પ્રહલાદભાઈ જાનીએ ૯૨ વર્ષની વયે દેહત્યાગ કર્યો : અંબાજીમાં ગબ્બરના જંગલમાં રહીને ૮૨ વર્ષથી અન્ન-જળ વિના જીવતા 'ચુંદડીવાળા માતાજી' આધુનિક વિજ્ઞાન માટે કોયડો બન્યા હતા : ગત વર્ષે તેમણે સે-૧૩માં જય અંબે પરિવારના ત્રિ-દશાબ્દિ ભક્તિ વંદના મહોત્સવમાં હાજરી આપી હતી

*સમગ્ર ઉત્તર ગુજરાત સહિત દેશ-વિદેશમાં અનેક ભાવિકોની શ્રદ્ધાનું કેન્દ્ર બનેલા 'ચુંદડીવાળા માતાજી' તરીકે ઓળખતા અને ચમત્કારિક રીતે ૮૨ વર્ષથી અન્ન-જળ વિના જ જીવતા આધુનિક વિજ્ઞાન માટે કોયડારૂપ બનેલા ૯૨ વર્ષીય પ્રહલાદભાઈ જાનીએ ચરાડા ખાતે મંગળવારે મોડી રાતે આશરે ૨ વાગે દેહત્યાગ કર્યો હતો. 'ચુંદડીવાળા માતાજી'ના નશ્વર દેહને આગામી તા. ૨૮મી મેના રોજ ગુરવારે સવારે ૮.૧૫ કલાકે અંબાજી ખાતે તેમના આશ્રમમાં સમાધિ આપવામાં આવશે.*

*ગાંધીનગરથી નજીકના મહેસાણા જિલ્લાનાં ચરાડા ગામના રહેવાસી પ્રહલાદભાઈ જાનીએ તેઓ માંડ ૧૦ વર્ષના હતા ત્યારે અંબે માનો સાક્ષાત્કાર થતા અન્ન – જળનો ત્યાગ કર્યો હતો. 'ચુંદડીવાળા માતાજી' સતત ૭૮ વર્ષ સુછી અનાજ કે પાણી ગ્રહણ કર્યા વિના તદ્દન સ્વસ્થ જીવન જીવતા તેમની આ સ્થિતિ તબીબી જગત અને વિજ્ઞાનીઓ માટે એક કોયડો બની ગઈ હતી. ગૃહત્યાગ કર્યા બાદ તેમણે ગુજરાતનાં વિવિધ વિસ્તારોમાં ભ્રમણ કર્યું હતું અને અંતે પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ગબ્બર પર્વતના જંગલમાં તેઓએ એક કુદરતી સ્થાયી નિવાસસ્થાન બનાવ્યું હતું જ્યાં તેઓ તેમની સાધના કરતાં હતા અને ભાવિક શ્રદ્ધાળુઓને દર્શન આપી તેમની સમસ્યાનું સમાધાન પણ કરતાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે હજુ ગત વર્ષે જ ગાંધીનગરના સેક્ટર-૧૩ ખાતે જય અંબે પરિવારના ત્રિ-દશાબ્દિ ભક્તિ વંદના મહોત્સવ ખાતે 'ચુંદડીવાળા માતાજી' પધાર્યા હતા ત્યારે અનેક સંતો-મહંતો અને શ્રધ્ધાળુઓ તેમના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.*



*'ચુંદડીવાળા માતાજી'ના દેશ-વિદેશમાં તેમના અનેક ભક્તો છે અને સ્વ.બાળા સાહેબ ઠાકરે, નરેન્દ્ર મોદી, અક્ષય કુમાર સહિત વિવિધ ક્ષેત્રની હસ્તીઓ તેમની મુલાકાત લઈ ચૂક્યા છે. આ ચુંદડીવાળા માતાજીનું પ્રભાવ એટલો હતો કે દૂર-દૂરથી શ્રદ્ધાળુઓ તેમના દર્શને આવતા હતા. સફેદ દાઢી અને નાકમાં નથણી પહેરેલ અને લાલ વસ્ત્રોમાં સજ્જ 'ચુંદડીવાળા માતાજી'નો પહેરવેશ જોઈને જ અંદાજ આવી જતો હતો કે તેઓ એક સન્યાસી છે. 'ચુંદડીવાળા માતાજી' અન્ન-જળ ગ્રહણ કર્યા વિના કેવી રીતે આટલું સ્વસ્થ જીવન જીવી શકે છે તે અંગે અનેક અટકળો થતી હતી જેમાં એવું પણ માનવમાં આવતું હતું કે તેઓ તેમની ચમત્કારિક યોગ અને આધ્યાત્મિક શક્તિથી હવા અને સૂર્ય દ્વારા શરીર માટે જરૂરી તત્વો પ્રાપ્ત કરતાં હતા. અનેક શ્રધ્ધાળુઓ તેમને સાક્ષાત માતાજીનો અવતાર પણ માનતા હતા. 'ચુંદડીવાળા માતાજી'ના દેહત્યાગથી અસંખ્ય શ્રધ્ધાળુઓ વ્યથિત થઈ જવા પામ્યા છે.*

## પ્રહલાદભાઈ કેવી રીતે બન્યા 'ચુંદડીવાળા માતાજી' ?

પ્રહલાદભાઈના ગૃહ ત્યાગ સમયે બનેલા ઘટનાક્રમની પ્રાપ્ત વિગતો અનુસાર તે સમયે તેમના ગામમાં ત્રણ દિવ્ય મહિલાઓ આવી હતી અને જેમણે બાળ પ્રહલાદભાઈને પોતાની સાથે આવવા કહ્યું હતું, આ સમયે પ્રહલાદભાઈએ તેમની સાથે આવવાની તૈયારી બતાવી પૂછ્યું કે માતાજી મારે શું જમવાનું? ત્યારે આવેલ ત્રણ પૈકી એક માતાજીએ બાળ પ્રહલાદભાઈની જીભ પર આંગળી મૂકીને કહ્યું કે 'હવે તારે અન્ન -જળની કોઈ જરૂર નહીં પડે'. આમ તેમને માતાજીનો સાક્ષાર થતા તે ઘર છોડવા માટે પોતાના ઘરે અનુમતિ માંગવા ગયા ત્યારે ઘરમાં આપોઆપ અખંડ દીવો ચાલુ થયો હતો અને માતાજીના કંકુના પગલાં જોવા મળ્યા હતા. ગૃહત્યાગ પછી તેમણે નર્મદા નીરમા ઉભા રહી આકરી તપસ્યા કરી હતી. કોઈપણ સિદ્ધિ મેળવા માટે ગિરનારની તપસ્યા કરવી જરૂરી છે. તેની ટોચ પરથી નીચે પડવાની સિદ્ધિ મેળવવી જરૂરી હોય છે અને તેઓ ગિરનારની ટોચ પરથી નીચે પડી રહ્યા હતા ત્યારે તેમને માતાજીના આભૂષણ અને ચૂંદડી પ્રાપ્ત થઈ હતી ત્યારથી તેઓ 'ચુંદડીવાળા માતાજી 'તરીકે જાણીતા થયા હતા.

## ગાંધીનગરના અગ્રણીઓએ પાઠવી શોકાંજલિ

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ માતાજીના દેહાવસાન પર શોક પ્રગટ કરી શ્રધ્ધાંજલિ વ્યક્ત કરી છે. હજુ ગત વર્ષે જ સેક્ટર-૧૩ ખાતે જય અંબે પરિવારના ત્રિ-દશાબ્દિ ભક્તિ વંદના મહોત્સવ ખાતે 'ચુંદડીવાળા માતાજી' પધાર્યા હતા. જય અંબે પરિવારના લલિતભાઈએ પણ માતાજીના દેહાવસાન પર ભારે દુઃખ વ્યક્ત કરવા સાથે શોકાંજલિ પ્રગટ કરી છે. આ ઉપરાંત ગાંધીનગરના સમસ્ત બ્રહ્મ સમાજ વતી પીનાકીનભાઈ અને નરેશભાઈ દવેએ પણ માતાજીનાં ચરણોમાં વંદન સાથે ભાવાંજલી અર્પણ કરી છે. 'ચુંદડીવાળા માતાજી' ગાંધીનગરમાં અનેકવાર પધાર્યા હતા અને તે પૈકી કુલ બે વાર તેમણે ગાંધીનગર સમાચાર કાર્યાલયની પણ મુલાકાત લીધી હતી. ગાંધીનગર સમચારના તંત્રી કૃષ્ણકાંત જહાએ માતાજીનાં નિધન પર શોક વ્યક્ત કરી તેમણે આદરપૂર્વક શ્રધ્ધાંજલિ પાઠવી છે. આ સાથે શહેરમાં અનેક અગ્રણીઓ તેમજ માતાજીનાં ભાવિકોમાં પણ શોકનું મોજું પ્રસરવા પામ્યું છે.

## માતાજીનો કોરોના ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો

આશરે ૧૫થી વધુ દિવસથી 'ચુંદડીવાળા માતાજી' ને શરદી, ખાંસી અને કફ જેવી તકલીફ હોવાથી તેમને અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમનો કોરોના ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. જોકે આ રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો અને તે પછી થોડી સારવાર બાદ માતાજી પોતાના એક સેવકના ઘરે રોકાયા હતા. આ પછી પોતાના ગામ ચરાડા ખાતે આવેલા માતાજીએ મંગળવારે રાત્રે દેહત્યાગ કર્યો હતો.